॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ગુજરાતી નારીપ્રધાન નવલકથામાં સ્ત્રીનું સ્થાન
# (વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૦ના સંદર્ભમાં)

ડૉ. પલ્લવિકા એમ. ભટ્ટ
આસી. પ્રોફેસર
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ.

**Abstract**

સમાજ એ જુદી જુદી સંસ્થાઓનું બનેલું એક માળખું કે રચનાતંત્ર છે. સમાજની આ બધી જ સંસ્થાઓ પરસ્પરાવલંબી છે. વિચારો, કળા કે સાહિત્ય માનવમનની પેદાશ છે. પરંતુ માનવમન કે બુદ્ધિનો વિકાસ તો આખરે સામાજીકરણ, સામાજિક ઘટનાઓ અને સામાજિક પરિસ્થિતિઓ દ્વારા જ થાય છે. આમ, સાહિત્ય સર્જન ને સમાજથી જુદું પાડી શકાય નહી. સાહિત્ય એ જે તે સમયના સમાજનું પ્રતિબિંબ છે તો સામે પક્ષે સાહિત્ય સામાજિક પરિવર્તનમા પણ મહત્વનો ભાગ ભજવે છે.

સાહિત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ જાણવા અને સાહિત્ય માં સ્ત્રીનું કયું અને કેવું સ્થાન ઝિલાયું છે તે જાણવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ નો ઉપયોગ થયો છે તેમજ હેતુપૂર્વકના નિદર્શન દ્વારા ચાર નવલકથાઓ ‘તરણા ઓથે ડુંગર’, ‘આંગળિયાત’, ‘કાદંબરીની માં’ અને ‘કૂવો’ પસંદ કરી તેમાં સ્ત્રીનું સ્થાન જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંશોધનમાં સાહિત્યના સમાજશાસ્ત્રની સૈદ્ધાંતિક ચર્ચા તેમજ નિદર્શ હેઠળની તમામ નવલકથામાં સ્ત્રીના સ્થાન અંગેનું વિશ્લેષણ, કર્તા અને કૃતિ વચ્ચેનો સંબંધ, નવલકથાનો સમય અને સ્થળ સંદર્ભ, નવલકથામાં આલેખાયેલ જ્ઞાતિ અને સ્ત્રીનું સ્થાન, નિદર્શ હેઠળની નવલકથાઓ અને સ્ત્રીના સ્થાનમાં પરીવર્તન વગેરે ચર્ચાના મુદ્દા રહ્યા છે.

પ્રસ્તુત સંશોધન કરતાં જણાય છે કે નવલકથામાં પુરુષની સાપેક્ષે સ્ત્રીનું સ્થાન નીચું છે. તેમજ નિદર્શ હેઠળની તમામ નવલકથામાં કર્તા અને કૃતિ વચ્ચે સંબંધ સ્થાપિત થયેલો જણાય છે. આ ઉપરાંત જોઈ શકાય છે કે 1951 થી 2000 ના સમયગાળામાં સમાજમાં સ્ત્રીના સ્થાનમાં આવેલા પરિવર્તનો નવલકથામાં પણ પ્રતિબિંબિત થાય છે.

ચાવીરૂપ શબ્દો: સ્ત્રીનું સ્થાન, નારીપ્રધાન નવલકથા, ગુજરાતી નવલકથા

સાહિત્ય સર્જન એ માનવમનમાં આકાર પામતી ઊર્મિઓ, લાગણીઓ અને ભાવજગતનું પરિણામ છે. સર્જક જ્યારે સાહિત્યનું નિર્માણ કરે છે ત્યારે તે સાહિત્યમાં તેના અનુભવો, તેના સામાજિક સબંધો, સામાજિક આઘાતો-પ્રત્યાઘાતો, તેનો સમાજ પ્રત્યેનો દ્રષ્ટિકોણ, સમાજમાં ઘટતી ઘટનાઓ વગેરે તેમાં ઝિલાય છે. આથી જ સાહિત્યને સમાજની આરસી કહી છે. સાહિત્ય એ જે તે સમયના સમાજનું પ્રતિબિંબ પુરું પાડે છે. કારણકે સાહિત્યનું વિષયવસ્તુ જ સમાજના સામાજિક સબંધો, સામાજિક ઘટનાઓ તેમજ તેમાંથી ઉદ્ભવતી ઊર્મિઓ, ભાવનાઓ કે સામાજિક ચેતના છે. આ લાગણીઓનું સાહિત્યમાં નિરૂપણ થાય છે શબ્દો થકી, અને તે દ્વારા ભાષા થકી. આમ, ભાષાએ વ્યક્તિની સર્જનાત્મકતાને અભિવ્યક્ત કરવામાં મોટો ફાળો આપ્યો છે. પરંતુ ભાષામાં રહેલા ઉચ્ચારો, સ્વર, વ્યંજનો, શબ્દ-સંકેતો, વાક્ય રચનાઓ, શબ્દસમૂહો અને તે બધાને પ્રાપ્ત થતા અર્થો પણ જે તે સમાજ વ્યવસ્થાનું સર્જન છે. આથી જ વિદ્યુત જોષી (૨૦૦૪) કહે છે કે, "સાહિત્ય વ્યક્ત થાય છે ભાષાના માધ્યમ થકી. આ રીતે જોતાં સમાજશાસ્ત્ર સાહિત્યને –સાહિત્ય સર્જનને પણ એક સામાજિક નીપજ ગણે છે."આમ સાહિત્ય અને સમાજ નો સબંધ અતુટ છે. સાહિત્યકૃતિ કોઈ એકદંડિયા મહેલમાં રહીને નથી રચાતી. બદલાતી જતી યુગચેતના સાથે, જે તે સમયનાં પરિબળો સાથે સાહિત્ય હંમેશા વળું બદલે જ. સાહિત્યકૃતિ સમાજ નો પ્રભાવ ઝિલે પણ ખરી અને સમાજ ને પ્રભાવિત પણ કરે. સાહિત્ય અને સમાજ બંને પરસ્પરના પૂરક છે.

## સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુતસંશોધન સાહિત્ય અને સમાજના આ સબંધ ને સમજવાનો પ્રયત્ન છે. જેનો હેતુ વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૦ ના સમયગાળામાં સ્ત્રીના સ્થાનમાં આવતા પરિવર્તનો સાહિત્યમાં કેવી રીતે ઝીલાયા છે તે જોવાનો છે અને તે ધ્વારા ગુજરાતી સમાજમાં સ્ત્રીના સ્થાનનું ચિત્ર ઉપસાવવાનો છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકનો હેતુ સંશોધન સમસ્યાના ગુણાત્મક પાસાંને ચકાસવાનો હોવાથી અભ્યાસમાં

Qualitative Research Methodનો ઉપયોગ થયો છે જેમાં સમાવિષ્ટContent Analysisપધ્ધતિ ધ્વારા સંશોધન હાથ ધરાયું છે.

વર્ષ ૧૯૫૧ થી ૨૦00 ના સમયગાળામાં ગુજરાતી ભાષામાં અઢળક નવલકથાઓ લખાયેલી હોવાથી અને તેમાંથી નારીપ્રધાન નવલકથાની સૂચી ઉપલબ્ધ ન હોવાથી ગુજરાતી ભાષાના તજજ્ઞોની મદદથી હેતુ પૂર્વકના નિર્દેશન ધ્વારા નિદર્શ પસંદ કરવામાં આવ્યું. જેમાં તરણાં ઓથે ડુંગર (૧૯૫૪), આંગળીયાત (૧૯૮૫), કાદંબરીની માં (૧૯૮૮), અને કૂવો (૧૯૯૪) નવલકથા નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી.પસંદ કરાવેલ તમામ નવલકથાઓના વિષય વસ્તુમાં રજુ થતા સ્ત્રીના દરજ્જા ને શૈક્ષણિક આર્થિક, સામાજિક, વસ્તીવિષયક, કાનૂની એવા જુદાજુદા વિભાગોમાં વિભાજિત કરી સમાજમાં સ્ત્રીના સ્થાનને જોવા-સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. જેનું વિશ્વલેષણ કરતા નીચે મુજબના તારણો પ્રાપ્ત થાય છે

- **ચારેક નવલકથામાં રજુ થતો સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો**

'તરણાં ઓથે ડુંગર' નવલકથામાં ગ્રામીણ અને શહેરી પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીનું શૈક્ષણિક સ્થાન જુદું- જુદું જોવાય છે ગ્રામીણ સમુદાયમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં છોકરીને લગભગ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે કારણ કે તેણે ધર્મ ગ્રંથોનું વાંચન કરવાનું હોય છે. પરંતુ આ સિવાયની જ્ઞાતિની છોકરીઓના શિક્ષણ અંગે એક પ્રશ્નાર્થ ઉદ્ભવે છે કે તેમને પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ પણ અપાય છે કે કેમ? જયારે શહેરી સમુદાયમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો ગ્રામીણ સ્ત્રીના શૈક્ષણિક દરજ્જા કરતા ઉંચો જોવાય છે. શહેરી સ્ત્રી ઉચ્ચકક્ષા સુધીનું શિક્ષણ પણ મેળવે છે. જોકે, શહેરી પુરુષની અપેક્ષમાં આ દરજ્જો નીચો જ છે. 'કાદંબરીની માં' નવલકથામાં સ્ત્રીના શિક્ષણ અંગેની રજૂઆત થયેલી નથી પરંતુ તેના કથા વસ્તુ પરથી કહી શકાય કે આ નવલકથાની નારીઓએ ઉચ્ચકક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું છે.જયારે 'કુવો' અને 'આંગળીયાત' નવલકથામાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો નીચો જોવા મળે છે. આ બંને નવલકથાની નારીઓ અભણ દર્શાવાઈ છે.

- **ચારેય નવલકથામાં રજુ થતા સ્ત્રીનો આર્થિક દરજ્જો**

'તરણાં ઓથે ડુંગર','આંગળીયાત', અને 'કાદંબરીનીમાં' નવલકથામાં સ્ત્રીનો આર્થિક દરજ્જો નીચો જોવાય છે. આ નવલકથાની સ્ત્રી આર્થિક રીતે પરાવલંબી છે, જયારે 'કૂવો' નવલકથાની નાયિકાનો આર્થિક દરજ્જો ઉંચો જોવા મળે છે. જે નવલકથાના નાયક કરતા પણ વધુ ઉંચો જતો

જણાય છે. જોકે,'કૂવો'નવલકથામાં પણ નવલકથાની નાયિકા સિવાય સામાન્ય ગ્રામીણ સ્ત્રીનો આર્થિક દરજ્જો આટલો ઉંચો જોવા મળતો નથી.

## •ચારેય નવલકથામાં રજુ થતો સ્ત્રીનો વસ્તીવિષયક દરજ્જો

'તરણાં ઓથે ડુંગર' અને 'કૂવો' નવલકથામાં સ્ત્રીના વસ્તીવિષયક દરજ્જાની રજૂઆત થઇ છે. જે પુરુષની સાપેક્ષે નીચો જણાય છે 'તરણાં ઓથે ડુંગર' નવલકથામાં સ્પષ્ટ પણે સ્ત્રીનો વસ્તીવિષયક દરજ્જો નીચો છે તેવું જણાવાયું નથી,પરંતુ તેમાં રજુ થતી કન્યા વિક્રયની પ્રથા પરથી જાણી શકાય કે સ્ત્રીનું વસ્તીવિષયક સ્થાન નીચું છે. જયારે 'કૂવો' નવલકથા મુજબ તો સ્ત્રીનો વસ્તીવિષયક દરજ્જો તેસમયના પટેલ સમુદાયમાં એટલો નીચો છે કે જેના કારણે સમુદાયમાં કન્યાવિક્રય, કજોડા લગ્ન, પુરુષો માટે ફરજિયાત કુંવારાપણું, સાટા લગ્ન જેવા કુરીવાજોનું ચલણ જોવા મળે છે.ઉપરાંત 'આંગળિયાત' અને 'કૂવો' નવલકથામાં જ્યાં નાયક-નાયિકાના બાળકની રજૂઆત છે ત્યાં તે બાળક પુત્ર જ બતાવવામાં આવ્યો છે આમ, કહી શકાય કે માત્ર સમાજમાં જ સ્ત્રીનો વસ્તીવિષયક દરજ્જો નીચો છે એવું નહી પણ સમાજના સર્જકો પણ જ્યારે સંતતિ નિરૂપણનો વિચાર કરે છે તો તેમના મનોજગત પર પુત્ર બાળનું ચિત્ર જ ઉપસે છે.

## • ચારેય નવલકથામાં રજુ થતો સ્ત્રીનો કાયદાકીય દરજ્જો

'તરણાં ઓથે ડુંગર'અને'કાદંબરીનીમાં' નવલકથામાં સ્ત્રીનો કાયદાકીય દરજ્જો રજુ થતો નથી. આ નવલકથાની નારીઓ અન્યાયી પરિસ્થિતિઓને સામનો કરે છે, સંઘર્ષ કરે છે પરંતુ કાયદાનો સહારો લેતી બતાવાઈ નથી.'આંગળીયાત' નવલકથાની નાયિકા સવર્ણો ધ્વારા થતા અત્યાચાર સામે કાયદાકીય સહારો લેતી બતાવાઈ તો છે, પરંતુ પાછળ જતા પતિ ધ્વારા થતા અત્યાચાર સામે તેમજ પતિ જયારે છુટ્ટાછેડા આપવા તૈયાર નથી થતો ત્યારે તેને કાયદાકીય સહારો લેતી બતાવી નથી. આ બધા થી અલગ તરી આવતી 'કૂવો' નવલકથાની નાયિકા કાયદો જાણે છે અને જરૂર સમયે કાયદાકીય આટ્ટીઘૂંટી નો ઉપયોગ કરી અત્યાચારનો સામનો પણ કરે છે.

## • નવલકથાનો સમય અને સ્થળ સંદર્ભઃ

'તરણાં ઓથે ડુંગર' નવલકથામાં રજૂ થતું સમાજજીવન આઝાદી પહેલાના એવા સમયનું આલેખન છે કે જયારે દેશમાં પશ્ચીમીકરણની શરૂઆત થઈ ચૂકી હતી એટલે લગભગ ૧૯૩૧ થી ૧૯૫૦ વચ્ચેના કોઈક સમયગાળાનું આલેખન નવલકથામાં હશે તેમ માની શકાય. જયારે

નવલકથાનું પ્રકાશન વર્ષ ૧૯૫૪ છે. સમયના આ બંને પરિમાણમાં જયારે નવલકથાને મૂલવીએ ત્યારે જોઈ શકાય કે નવલકથામાં જે સમયનું સમાજજીવન આલેખાયું છે તે સમયગાળાનું ગુજરાત વાસ્તવિક જગતમાં પણ પરંપરા અને પશ્ચીમીકરણની ભીંસ વચ્ચે જીવતું ગુજરાત હતું. વાસ્તવિક જગતમાં પણ તે સમયે ગ્રામીણ સમુદાય પરંપરાને વળગેલો હતો જયારે શહેરી સમુદાય પશ્ચીમીકરણની અસર હેઠળ પરિવર્તનના પંથે અગ્રેસર હતો.પરિવર્તનના આ મોજામાં સ્ત્રીના સ્થાનમાં આવતા પરિવર્તનો પણ આપણને નવલકથામાં નજરે પડે છે. નવલકથામાં કામિની અને શોભાનાના પાત્રો આ પરિવર્તનના સૂચક છે કે જેમાં સ્ત્રી શિક્ષણનું મહત્વ વધવાની સાથે સાથે સ્ત્રીની લગ્નવયમાં વધારો, લગ્ન માટે પાત્ર પસંદગીની અપાતી છૂટછાટ વગેરે જોવા મળે છે.તો બીજી બાજુ, ગુજરાતના ગ્રામીણ જીવનમાં પરંપરાથી સ્ત્રી દાસી તરીકેનું જીવન જીવે છે અને તે અંગે પોતે ગૌરવ પણ અનુભવે છે તે પણ રજૂ થયું છે. જે પરથી કહી શકાય કે નવલકથામાં સ્ત્રીના સ્થાન અંગે સામાજિક વાસ્તવનું નિરૂપણ થયું છે.

'આંગળીયાત' નવલકથામાં ૧૯૫૦ના દાયકાના દલિત સમાજનું સમાજજીવન રજૂ થયું છે. જયારે નવલકથાનું પ્રકાશન વર્ષ ૧૯૮૫ છે. 'આંગળીયાત' નવલકથામાં દલિત સમાજનું સમાજજીવન તેમજ સવર્ણો દ્વારા તેમના પર થતા અત્યાચારો અને તેમના સંઘર્ષને રજૂ કરવામાં આવ્યું છે તો સાથે સાથે સ્ત્રીના જીવન સંઘર્ષ અને સવર્ણો તેમજ દલિત દ્વારા તેમના પર થતા અત્યાચારોને પણ વાચા આપવામાં આવી છે.૧૯૫૦નાદાયકા અને તે પહેલાના સમયના વાસ્તવિક ગુજરાતમાં પણ દલિત ચળવળ પ્રભાવી બની હતી. જેની સાહિત્ય પરની અસરનું પરિણામ 'આંગળીયાત' નવલકથા છે.

'કાદંબરીની માં' નવલકથા ૧૯૮૮માં પ્રકાશિત થયેલી છે અને તે નવલકથાનું સમાજજીવન પણ તે સમયની સમકાલીન પરિસ્થિતિઓને રજૂ કરે છે. ૧૯૮૦ પછીના સમયમાં 'Toward Equality' રીપોર્ટના તારણો સમાજમાં ચર્ચાનો વિષય બની ચુક્યા હતા.જેના તારણો પરથી જાણી શકાયું કે ભારતમાં સ્ત્રીનું સ્થાન અત્યંત દયનીય દશામાં છે. જેની અસર નવલકથામાં કાદંબરીના પાત્રનિરૂપણમાં જોઈ શકાય છે. કાદંબરીના પાત્ર દ્વારા આ સમય ની સ્ત્રીની મૂંઝવણો, સંઘર્ષો અને યાતનાઓને સુપેરે રજૂ કરવામાં આવી છે તો સાથે સાથે વિજ્યા, પન્નાના પાત્ર અને કાદંબરીના ભાવપરિવર્તનના દ્વારા એ પણ સૂચિત થાય છે કે આ સમય ની નારીમાં સામાજિક ન્યાય મેળવવાની ચેતનાની ચિનગારી પ્રગટી ચૂકી છે અને નારી સમુદાય પોતે જ પોતાના સ્વમાન માટે લડવા સજ્જ થઇ રહ્યો છે.

'કૂવો'નવલકથાને પણ સમયના બે પરિમાણ જોવા મળે છે. (૧) નવલકથામાં જે સમયનું સમાજજીવન આલેખાયું છે તે. (૨) જે સમય માં નવલકથાની રચના થઇ છે તે, 'કૂવો' નવલકથામાં ૧૯૫૦ થી ૧૯૬૦નું સામાજિક જીવન અંકિત થયું છે અને તે સમયના સ્ત્રીના સ્થાને પણ દર્શાવાયું છે. આમ' છતાં 'કૂવો' નવલકથાની નાયિકા દરિયાના પાત્રને જે ઉંચાઈ આપી છે તે જોતા કહી શકાય કે દરિયા ૧૯૫૦ કે ૧૯૬૦ના દાયકાની નહિ પરંતુ ૨૦૦૦ના દાયકાની એટલે કે નવલકથાના રચનાકાળાની છે.દરિયાની નારીચેતના,તેનું સ્વમાન, અન્યાયને સહી લેવા કરતા ન્યાય માટે મરી ફીટવાની હિંમત,ઘરના કે ઘર બહારના પ્રત્યેક વહીવટમાં દરમ્યાનગીરી વગેરે બાબતો દરિયાના સ્થાનને ઊંચું લઇ જાય છે.૧૯૫૦ના દાયકામાં ગુજરાતમાં સ્ત્રીની જે સામાજિક સ્થિતિ હતી તે પરથી ૧૯૫૦ના એક અંતરિયાળ ગામડાની સ્ત્રીમાં આવી સામાજિક ચેતના હોય તે અસંભવ લાગે છે. પરંતુ નવલકથાના રચનાકાળ સમય ની સ્ત્રી આવી હોઈ શકે. આમ, કૂવો નવલકથામાં સમય ના બે પરિમાણોના સંદર્ભમાં સામાજિક વાસ્તવનું નિરૂપણ થયેલું છે.

## •નવલકથામાં આલેખાયેલ જ્ઞાતિ અને સ્ત્રીનું સ્થાનઃ

'તરણા ઓથે ડુંગર', 'કાદંબરીની માં', 'કૂવો' અને 'આંગળિયાત'નવલકથામાં અનુક્રમે બ્રાહ્મણ, વાણીયા, પટેલ અને દલિત જ્ઞાતિનું આલેખન થયેલુ છે. અને આ પ્રત્યેક જ્ઞાતિ પ્રમાણે નવલકથામાં આલેખાયેલ સ્ત્રી જીવન અને સ્ત્રી નું સ્થાન પણ જુદું જુદું છે. 'તરણા ઓથે ડુંગર', ની નાયિકા બ્રાહ્મણ છે' તેથી તેના આચાર-વિચાર પર પરંપરાગત સંસ્કૃત એટલે કે બ્રાહ્મણવાદી ધાર્મિક સાહિત્યની અસર છે અને આ અસર હેઠળ તેનું સામાજિક સ્થાન પતિની દાસી તરીકેનું જોવા મળે છે. આમ છતાં, આ દાસત્વમાં પણ ગરિમા જોવાય છે અને તેના પણ અનેરો મહિમા છે. જો કે, ભારતીય સમાજમાં બ્રાહ્મણ જ્ઞાતિ ઉંચી ગણાતી હોવાથી નાયિકાને શિક્ષણનો લાભ મળે છે. અને તેના પરિણામે આધુનિક સાહિત્યના વાંચન મનન દ્વારા તે આધુનિક વિચારોના સંપર્ક માં આવી પોતાનું સ્થાન ઊંચું લઇ જવા પ્રયત્ન કરે છે. જો કે, પુરુષની સાપેક્ષે તો આ સ્થાન પણ નીચું જ છે.

'કાદંબરીની માં' નવલકથાની નાયિકા વણિક જ્ઞાતિની છે. તે ભણેલી છે પરંતુ નોકરી કરતી નથી. આથી આર્થિક રીતે પતિ પર આધારિત છે અને તેથી તેના પતિ દ્વારા તેનું શોષણ થતું રહે છે.

'કૂવો' નવલકથાની નાયિકા પટેલ જ્ઞાતિની છે. તે અભણ છે. પરંતુ તે પોતાની કોઠાસૂઝ દ્વારા અને પોતાના અત્મબળે પુરુષ કરતાં પણ ચડિયાતી સાબિત થાય છે. જો કે, આ બાબત નવલકથાની નાયિકા દરિયા પૂરતી જ સત્ય છે. નવલકથાના સામાન્ય જનસમુદાયની વાત કરીએ તો પટેલ જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતીમાં બાહુબળની જરૂર રહે છે. પુરુષ બાહુબળ નો ઉપયોગ કરી ખેતીના મહત્વના કામો કરે છે જયારે સ્ત્રી તેની મદદનીશની ભૂમિકા ભજવે છે. અને આમ, તેનું સામાજિક સ્થાન પણ ગૌણ બની રહે છે.

'આંગળીયાત' નવલકથા દલિત સમુદાયનું જીવન રજૂ કરે છે. આ નવલકથાની નારી સતત સવર્ણો દ્વારા શારીરિક શોષણનો ભોગ બનતી રહે છે તો સાથે સાથે દલિત સમુદાયના પુરુષો દ્વારા પણ તેના પર અત્યાચાર ગુજારવામાં આવે છે.જે સ્ત્રીનું ગૌણ સ્થાન દર્શાવે છે. ઉપરાંત નવલકથાના દલિત નારીપાત્ર જાણે સવર્ણ સંસ્કૃતિથી અભડાયેલ છે તેવું પ્રતીત થાય છે. જે બાબત એમ.એન.શ્રીનિવાસના સંસ્કૃતિકરણના ખ્યાલની યાદ અપાવે છે.જે દલિત સમાજમાં ફારગતી અને નાતરું પ્રચલિત પ્રથા છે તેવા સમાજમાં પણ મેઠી તેના પતિથી છૂટાછેડા લઈ ટીહા સાથે સંસારિક જીવન ભોગવતી નથી અને આજીવન સંયમ અને શીલ સાચવીને જીવે છે ઉપરાંત કકું એ દાના સાથે દિયરવટું કર્યા પછી પણ વાલજીની યાદમાં બંને બ્રહ્મચર્ય પાળે છે તેવું સાંકેતિક રીતે જણાવ્યું છે. આ બંને પ્રસંગો બ્રાહ્મણવાદી સંસ્કૃતિના 'એક ભવ માં બે ભવ ના કરવા' એવી માન્યતાને પોષે છે ઉપરાંત ટીહો જયારે મેઠીને લગ્ન કરવા માટે મનાવવાની કોશિશ કરે છે ત્યારે મેઠી પોતે ચૂંથાયેલું ફૂલ છે અને એવું ફૂલ ટીહા જેવા દેવને ન ચઢાવાય એમ કહી લગ્ન કરવાની ના પાડે છે. આ પ્રસંગમાં પણ બ્રાહ્મણવાદી સંસ્કૃતિની 'પતિ પરમેશ્વર'ની માન્યતા જોવા મળે છે. આમ, જે જ્ઞાતિ સમુદાયમાં સ્ત્રીને બીજા લગ્નની છૂટ આપવામાં આવે છે. તેવા સમુદાયની સ્ત્રી બ્રાહ્મણવાદી સંસ્કૃતિનું અનુકરણકરી સંયમ અને સહનશીલતાનો આંચળો ઓઢી પોતાની જાતને પીડે છે. જે બાબત દલિત સમુદાયમાં થતી સંસ્કૃતિકરણની ઘટનાને દર્શાવે છે.

અહી, ચારેય નવલકથામાં અલગ અલગ જ્ઞાતિ સમુદાયનું ચિત્રણ છે અને જ્ઞાતિનું વૈવિધ્ય સ્ત્રીના સ્થાનમાં પણ વૈવિધ્ય સર્જે છે. બ્રાહ્મણ જ્ઞાતિની 'વિજયા' અને વણિક જ્ઞાતિની 'કાદંબરી' ભણેલી છે. જયારે પટેલ જ્ઞાતિની'દરિયા' અને દલિત જ્ઞાતિની'મેઠી' અભણ છે. જેથી કહી શકાય કે જ્ઞાતિનું પરિબળ સ્ત્રી શિક્ષણ પર અસર કરે છે. વળી, 'તરણા ઓથે ડુંગર' નવલકથામાં બ્રાહ્મણ જ્ઞાતિ સમૂહમાં છૂટાછેડા કે નાતરાનો રીવાજ નથી જયારે 'આંગળીયાત' નવલકથાના દલિત જ્ઞાતિ સમૂહમાં છૂટાછેડા અને નાતરાનો રીવાજ છે. જે બંને સમૂહમાં સ્ત્રીના જુદાજુદા સ્થાનને દર્શાવે છે.

ઉપરાંત આ ચારેય જ્ઞાતિ સમુદાયના પુરુષો અલગ અલગ સાધન વડે નારીદમન કરતાં જોવા મળે છે. 'તરણા ઓથે ડુંગર'નો કેશવ પોતાની વિદ્યાના બળે વિજ્યાનું દમન કરે છે તો, 'કાદંબરીની માં' નવલકથાનો અનિલ પોતાની આર્થિક સત્તાના બળે કાદંબરીનું દમન કરે છે.'કૂવો' નવલકથાની નાયિકા દરિયાનું પાત્ર એટલું સબળ છે કે તે પોતે સમાજ સામે લડી લે છે અને જીતે પણ છે. આમ છતાં, તેમાં સ્ત્રી કૂવો ખોદવા જેવા કામ ન કરી શકે. ખેતી ન કરી શકે, તેવી માન્યતા દ્વારા જોઈ શકાય કે 'કૂવો' નવલકથામાં પુરુષ પ્રધાન સમાજ પૌરુષી બાહુબળ દ્વારા સ્ત્રીનું દમન કરવાનો પ્રયત્ન કરે છે. જયારે 'આંગળીયાત' નવલકથામાં સ્ત્રીને કામ તૃપ્રિના સાધન તરીકે જ જોવાય છે. અહી, પુરૂષ સ્ત્રીની જાતીયતા પર નિયંત્રણ મૂકી નારી દમન કરતો જોવાય છે. આમ, ચારેય નવલકથામાં નારી દમનના જુદાજુદા ક્ષેત્રો રજૂ થયા છે.

- **કર્તા અને કૃત્રિ વચ્ચેનો સબંધઃ**

'તરણા ઓથે ડુંગર' ઈશ્વર પેટલીકરની નવલકથા છે. પેટલીકર વિશે 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૬માં મણીલાલ હ.પટેલે કહ્યું છે કે 'પેટલીકર ખરા અર્થમાં વસ્તૃતઃ સામાજિક કથા સાહિત્યના આલેખક છે.' વધુમાં તે કહે છે કે 'પેટલીકર સમાજ સુધારક લેખક છે અને સમાજ માટે એ સાહિત્યને માધ્યમ ગણે છે તે સમાજવાદી ચિંતક છે. લોક શિક્ષણ આપનારા લેખક છે. જીવનના દરેક ક્ષેત્રમાં એ સુધારાવાદી છે અને એમનો સુધારો કશાં અંતિમો નહિ પણ બહુધા સમાધાનો શોધે છે તે પ્રેમચંદની જેમ પાત્રનું માનસ પરિવર્તન નથી કરતાં પરંતુ સમાજજીવનમાં પરિવર્તન ઝંખે છે જો કે તે જાણે છે કે ક્રાન્તિ ઘણી દોહ્યલી વસ છે. અત્યંત ધીમી પ્રક્રિયા છે એટલે તે ક્રાંતિકારી લેખનને બદલે બહુધા સમાધાનો શોધે છે. તેમ છતાં તે સમાજમાં બુનિયાદી બદલાવ તો ચાહે જ છે."તરણા ઓથે ડુંગર'નવલકથા આ બાબતની સાક્ષી પૂરે છે. પેટલીકરની નવલકથાના નારી પત્રોની વાત કરીએ તો તેમની નવલકથામાં મહદ્અંશે નારી કેન્દ્રમાં હોય છે. તેમની નારી જુદીજુદી પરીસ્થિતિઓમાં સંઘર્ષ ખેડે છે. 'જનમટીપ' ની ચંદાજીદ્દી, સ્વાભિમાની અને વિરલ સ્ત્રીપાત્ર છે. તો 'તરણા ઓથે ડુંગર' ની વિજ્યા અત્યંત તેજસ્વી છે જયારે 'ભવસાગર' ની નાયિકા સૂરજ જનસામાન્યનું પ્રતિનિધિત્વ કરતી નારી છે. આમ, ઈશ્વર પેટલીકર તેમની નવલકથામાં નારી જીવનના સંઘર્ષ તેમની મુંજવણો અને તેમના મનોમંથનનોને પ્રયોજે છે.આમ છતાં, તેમની નવલકથાની નારી સમાધાનકારી વલણ અપનાવતી જોવા મળે છે. 'તરણા ઓથે ડુંગર' ની નાયિકા પણ કેશવની ઈચ્છા મુજબ પોતાની જાતને ગોઠવી સમાધાન કરતી જોવા મળે છે.

'આંગળીયાત' નવલકથાના લેખક જોસેફ મેકવાન છે. જોસેફ મેકવાનની નવલકથાઓમાં શોષિત શોષકો સામેનો સંઘર્ષ ઉજાગર થાય છે. તેમની નવલકથાઓમાં મોટાભાગે દબાયેલા, કચડાયેલા વર્ગને વાચા મળી છે. 'આંગળીયાત'નવલકથામાં સવર્ણોનો દલિતો પરનો અત્યાચાર અને તેમાંય દલિત સ્ત્રીઓ પરનો અત્યાચાર રજૂ થયો છે. જીવન મુલ્યો જેવા કે જાતિ, પ્રેમ, માણસાઈ તથા સચ્ચાઈ, પરગજુતા અને પરિશ્રમ કરીને હક્કનું ખાવાનું વલણ તેમના શોષિત પાત્રોમાં જોવા મળે છે. તેમના સ્ત્રી પાત્રોની વાત કરીએ તો, 'આંગળીયાત' ની મેઠી હોય કે કંકુ બંને જીવન મૂલ્યોને અને આદર્શોને વરેલી છે. 'મારી પરણેતર' અને 'મનખાની મિરાંત' એ બંને નવલકથાઓમાં દલિત સામાજ પોતે પણ નારી ઉપર કેવો ત્રાસ ગુજારે છે એવું હૃદયદ્રાવક ચિત્રણ મળે છે.'મારી પરણેતર' ની ગૌરી નપુંસક અને નઠારા ધણીને ત્યજી દે છે પણ મનના માણીગરને પામી શક્તિ નથી,બલકે વિષપાન કરીને જીવન પણ ત્યજી દે છે.'મનખાની મિરાત'ની ગુણવંતી ગુણીયલ છે તે સચ્ચાઈ જણાવ્યા વિના રહી શક્તિ નથી. બસ, આટલા કાજે જ એનો ક્યાંય સમાવેશ થતો નથી. ને તેને રાન-રાન અને પાન-પાન ભટકવું પડે છે. 'આંગળીયાત'નીમેઠીની પણ એ જ દશા છે.'આંગળીયાત'ની મેઠી પણ ચૂંથીયાના અસહ્ય ત્રાસમાંથી તો છુટે છે પરંતુ ટીહા સાથે સુખી સંસાર માણવાની હીંમત કરતી નથી અને આજીવન દુઃખ ભોગવે છે. આમ તેમના નારી પાત્રો દુઃખી અને સમાજના નિયમો સામે નતમસ્તક થતા જણાય છે. આ નારી પાત્રો અસહ્ય વેદનામાંથી તો હિંમત કરીને બહાર નીકળે છે. પરંતુ સુખની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરતા નથી.

'કાદંબરીની માં' નવલકથાની લેખિકા ધીરૂબેન પટેલ છે. તેઓ નારી પ્રત્યે સમસંવેદના અનુભવતા અને નારી નિસ્બત ધરાવતા લેખિકા છે. લેખિકાની મોટાભાગની નવલકથા સ્ત્રીની લાગણીઓ, તેમના પ્રશ્નો, તેમની વ્યથા, તેમની મુંજવણ, તેમના સંઘર્ષને રજૂ કરનારી છે. ધીરૂબેનની નવલકથાની નારી, પુરૂષપ્રધાન સમાજે બનાવેલા નિયમો સામે લડત ઉપાડે છે અને પોતાના સ્વમાન, પોતાના અસ્તિત્વના રખોપા માટે ઉભી થાય છે. 'વડવાનલ', 'શીમળાના ફૂલ', 'કાદંબરીની માં', 'એક ડાળ મીઠી' વગેરેમાં લેખિકાએ આવા જ સ્ત્રી પાત્રોનું નિરૂપણ કર્યું છે. 'ધીરૂબેન પટેલ'નું કથાસાહિત્ય પુસ્તકમાં 'નીરંજના જોશી' કહે છે કે, 'તેમની નારી નિસ્બત આક્રોશપૂર્ણ નથી. વ્યથાનો વડવાનલ હૈયે જરૂર છે. પણ તારસ્વરે ફરિયાદ કરતો, પુરૂષ દ્વેષી, વિદ્રોહાત્મક સૂર તેમના સર્જનમાં ક્યારેય નથી રહ્યો. વિનીત સ્વરમાં સમાધાનનો સેતુ સર્જતો સમસ્યા મોચન ન્યાય માંગતો, અન્યાય ન સહેતો, આત્મ ગૌરવ જાળવતો સ્વર તેમણે મૌલિક સર્જન દ્વારા સમાજ સમક્ષ વહેતો મુક્યો છે. આમ, ધીરૂબેન પટેલના નારી પાત્રો સ્ત્રીના સ્ત્રીત્વને

ટકાવી રાખી અન્યાય વિરૂદ્ધ બંડ પોકારે છે. 'કાદંબરીની માં' નવલકથામાં વિજ્યા, પન્ના અને કાદંબરી પણ અનિલના અત્યાચાર વિરુદ્ધ બંડ પોકારે છે.

'કૂવો' નવલકથાના લેખક અશોકપુરી ગોસ્વામી છે. તેમણે ચાર નવલકથા 'મૂળ', 'કૂવો', 'નિભાંડો' અને 'વૈધ' આપેલી છે. આ ચારેય નવલકથા નારીપ્રધાન છે. 'મૂળ' નવલકથામાં નિઃસંતાન સ્ત્રીની વેદના અને સમાજ દ્વારા થતી તેની અવહેલનાનો ચિતાર રજૂ થયો છે તો 'કૂવો' નવલકથામાં અન્યાય સામે લડતી સ્ત્રી રજૂ થઇ છે.'નિભાંડો' નવલકથામાં માતાની દોરવણીથી ચાલતી પુત્રી પોતે જયારે માતા બને છે. ત્યારે તે તેના સ્ત્રીત્વને પામે છે અને પોતાની જાત પ્રત્યે સભાન બની પોતાના નિર્ણય પોતે-જાતે લેતા શીખે છે. જયારે 'વૈધ' નવલકથામાં એક રાજમાતા અને એક પ્રેયસીના માનસીક સંઘર્ષની કથા રજૂ થઇ છે. આમ, તેમની બધી જ નવલકથામાં સ્ત્રીજીવનના જુદાજુદા સ્વરૂપો અંકિત થયા છે તેમની પ્રત્યેક નવલકથાની નારી ચેતનાસભર છે અને સાચા અર્થમાં તે પોતાની અસ્મિતાને જાળવી જાણે છે. જે બાબત 'કૂવો' નવલકથામાં પણ જોઈ શકાય છે.

- **નિર્દેશ હેઠળની નવલકથાઓ અને સ્ત્રીના સ્થાનમાં પરિવર્તનઃ**

નિર્દેશ હેઠળની નવલકથાના સંદર્ભેસ્ત્રીના સ્થાનમાં પરિવર્તનને તપાસીએ તો 'તરણા ઓથે ડુંગર' નવલકથા ૧૯૫૪માં પ્રકાશિત થઈ, 'આંગળિયાત' નવલકથા ૧૯૮૫માં પ્રકાશિત થઇ, 'કાદંબરી ની માં' નવલકથા ૧૯૮૮માં પ્રકાશિત થઇ અને 'કૂવો' નવલકથામાં ૧૯૯૪માં પ્રકાશિત થઇ. આમ, ઉપરોકત નવલકથામાં ૧૯૫૧ થી ૨000ના સમયગાળામાં સ્ત્રીના સ્થાનમાં આવતા પરિવર્તનની દિશા તપાસી શકાય. નિર્દેશ હેઠળની ચારેય નવલકથાની નારી ગૃહિણીના પરિવેશમાં જ જોવાય છે. તેથી તેની ભૂમિકા પરિવર્તન અંગેની કોઈ રૂપરેખા સ્પષ્ટ થતી નથી. પરંતુ ગૃહિણીની ભૂમિકામાં રહીને જ ભૂમિકા ભજવણીમાં આવતા પરિવર્તનો અને તેના દ્વારા તેના સ્થાનમાં આવતા પરિવર્તનો ચોક્કસ જોઈ શકાય છે.૧૯૫૪માં પ્રકાશિત થયેલ નવલકથા 'તરણા ઓથે ડુંગર' ની નાયિકા વિજ્યા ગૃહિણી તરીકે પુરૂષનું આધિપત્ય સ્વીકારે છે અને તેની છત્રછયામાં રહેવામાં જ તે તેની સાર્થકતા જુએ છે અને એટલે તે કેશવની શિષ્યા બની તેને પામવામાં પોતાની જીત અનુભવે છે. જયારે ૧૯૮૫માં પ્રકાશિત થયેલ નવલકથા'આંગળિયાત'માં મેઠી તેમજ ૧૯૮૮માં પ્રકાશિત થયેલ નવલકથા 'કદામ્બરીની માં' ની કાદંબરી પુરૂષ દ્વારા થતા અત્યાચારોનો સામનો કરે છે તે ક્યોક હારે છે થાકે છે તેમ છતાંય સામનો કરવા સજ્જ પણ થાય છે. મેઠી તેના પતિને મારીને ઘર છોડીને આવે છે, તો કાદંબરી પતિના ઘરમાં રહીને પતિનો સામનો કરવાનો

નિર્ણય લે છે. જે સ્ત્રીના સ્થાન પરિવર્તનના દ્યોતક છે. ત્યારબાદ ૧૯૯૪માં પ્રકશિત થયેલ નવલકથા ‘કૂવો’ની નાયિકા દરિયા તેના ઘરમાં તો રાજરાણી તરીકેનું સ્થાન ભોગવે જ છે. પરંતુ ગામના મુખીની દાદાગીરી પણ સહન કરી લેતી નથી. જ્યાં આખું ગામ મુખી જેવા સત્તાધારી પુરૂષ સામે નમતું જોખે છે. ત્યાં દરિયા તેને હરાવે છે. આમ, ૧૯૫૧ થી ૨૦૦૦ના સમયગાળામાં ચોક્કસપાણે સ્ત્રીના સ્થાનમાં ઉર્ધ્વગામી ગતિશીલતા જોવા મળે છે. આથી કહી શકાય કે ગુજરાતી નવલકથા સાહિત્ય ક્ષેત્રે વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૦ના સમયગાળામાં સ્ત્રીનું સ્થાન પુરૂષની સાપેક્ષે ગૌણ રહ્યું છે તે વાસ્તવિકતા તો છે જ પરંતુ સમયની સાથે તેના સ્થાનમાં ઉર્ધ્વગામી પરિવર્તન આવી રહ્યું છે તે વાસ્તવિકતાને પણ નકારી શકાય નહિ.

- **નિષ્કર્ષ**

આમ, ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે નિદર્શ હેઠળની ચારેય નવલકથામાં સામાજિક વાસ્તવિકતાનું નિરૂપણ થયેલું છે. તેમજ કર્તા અને કૃતિ વચ્ચેનો સબંધ પણ સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત કૃતિનો સમય અને સ્થળ સંદર્ભ પણ રજૂ થાય છે. પ્રસ્તુત નવલકથાઓના માધ્યમથી વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૦ના સમયગાળામાં સ્ત્રીના સામાજિક સ્થાનની રૂપરેખા પણ પ્રાપ્ત થાય છે.

- **સંદર્ભ સૂચિ**

1. Sharma Subhash (2013), Sociology of Literature, Rawat Publications, Jaipur
2. જોષી વિદ્યુત (૨૦૦૪), સાહિત્ય અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
3. દરજી અભિષેક (૨૦૧૫), અશોકપુરી ગોસ્વામી – એક અધ્યયન, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ.
4. પટેલ મણિલાલ હ. (૨૦૧૩), કર્તા અને કૃતિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
5. પટેલ મહેશ (૨૦૦૮), ધીરુબહેન પટેલનું લઘુનવલ વિશ્વ, ડિવાઈન પબ્લિકેશન અમદાવાદ.
6. હરિશ મંગલમ (સંપાદક) (૨૦૧૧), સમર્થ સર્જક જોસેફ મેકવાન, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ.